| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Sandesh (City Life)** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **23/04/2022** |
| **PAGE:** | **3** |

### સિટીના હસ્તકલા સાથે જોડાયેલા કારીગરોએ કહ્યું

# પ્રોડક્ટ બનાવતા આવડે છે પરંતુ તેનું વેચાણ અને માર્કેટિંગમાં માર ખાઈ જઇએ છીએ

## EDIIએ સિટીના અમરાઇવાડી વિસ્તારમાં 'ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ કાર્યક્રમ' યોજ્યો



**સિટી લાઈફ :** ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થા (EDII) તથા કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નાના નાના ધંધાઓ સાથે જોડાયેલા કારીગર ભાઈઓ અને બહેનો માટે ત્રણ દિવસનો 'ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે. EDII તથા કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા હસ્તકલાનું કામ કરતા કારીગરોને પડતી તકલીફો દૂર કરી, તેઓના ધંધાના વિકાસ માટે જરૂરી તાલીમ આપી, તેમના ધંધાને લગતા કારીગર તરીકેના ઓળખ કાર્ડ અપાવવા તથા તેઓએ સરકારી સહાય સાથે જોડવા માટેના ઉદ્દેશ સાથે આ હસ્તકલા સેતુ યોજના તૈયાર કરવામાં આવી છે. વિરાટનગર વિસ્તારના ૩૦ જેટલા કારીગર ભાઈ-બહેનોએ આ તાલીમ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. જેમાં કારીગરોએ તેમની મુશ્કેલી જણાવતા કહ્યું કે, પ્રોડક્ટ કેવી રીતે બનાવવી તેનો ખ્યાલ છે પરંતુ તેનું વેચાણ અને માર્કેટિંગનું જ્ઞાન નથી તેથી ધંધો નથી કરી શકતા.